શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદરાબાદનું મુખપત્ર

# નિયાંપો

સાહિત્ય અને સભ્યતાનો સેતુ

ઑગસ્ત- સેપ્ટેમ્બર ૨૦૨૦



*With Best Compliments...*

**PRATAP JADEJA**

# Nimantran Caterers

a celebration of taste

Hyderabad. Ph. : 9959666855

## Nimantran Group of Hotels & Hospitality Ventures

....Since 1993

SNC Convention by Nimantran
Attapur - 9959888077

Sandhya Convention by Nimantran
The Bonds of Happiness!
Gachibowli - 9959777088

Nimantran Palace
A/c Function Hall
Nagole - 9959666110

HOTEL TOURIST PLAZA
kachiguda - 9959666114

HOTEL TOURIST PALACE
Bank Street, Koti - 9246108686

Nimantran Banquets
Pg Road, Secunderabad - 9959888055

(જા.ખ.)

# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૨ અંક : ૨૯૯

પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી
**પંકજ હિરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદકો
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩
email : hydkmm@gmail.com

*મુદ્રક :* **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-


''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

કીર્તિકુમાર ટોકરશી કાપડિયા

જયજીનેન્દ્ર,

આપ સર્વે મેમ્બર ભાઇ – બહેનોને મિચ્છામિ દુક્કડમ તથા ગણેશ ઉત્સવ ની શુભકામનાઓ..

એકજ દિવસે લોક ડાઊન માં આખુ ભારત તેની બધીજ ગતીવીધી સાથે બંધ થઈ ગયુ, પરંતુ હવે અનલોક બહુજ ધીમી ગતીથી થાય છે. આમાં ઘણા નુક્સાન સાથે ઘણા ફાયદા પણ થયા છે. જેવા કે ફેમીલી લાઇફ, બધાજ સાથે રહેતા, જમતા, રમતા થયા. બહારનુંખાવાનુંબંધ થતા બધાજ ઘરની સાત્વીક વાનગીઓનો આસ્વાદ માણતા થયા.

ધંધા રોજગારમાં ઓટ આવવાથી આર્થિક રીતે ઘણી તકલીફ થઇ . ઉત્તર ભારતમાં ઘણી જગ્યાએ વિનાશક પૂર પણ આવ્યા.

આ ૨૦૨૦નું વર્ષ જીવનભર માટે યાદગાર બની રહેશે. એ માસ્ક, સેનીટેશન, સોશ્યલ ડીસ્ટેન્સીંગ વગેરે કદી નહીં ભુલાય.

અર્ધાથી વધારે વર્ષ પુરૂ થયુ, હવે બાકીનો સમય પણ આમજ પસાર થઇ જશે. હજીપણ સાવચેતી તો જરૂરી છે. આપણા સ્વસ્થયની સંભાળ રાખશો.

## *મિચ્છામિ દુક્કડમ્*



*ખમાવું બધા જીવને આજ પ્રીતે,*
*ખમો તે બધા મુજને સર્વ રીતે ।*
*બધા જીવમાં મિત્રતાને પ્રસારૂં,*
*નથી કોઈ સાથે હવે વૈર મારે ।।*

*કટુવચન કીધાં કદી, કીધા વૈર વિરોધ*
*ખમત ખામણા ખંતથી કરૂં છું તજીને ક્રોધ*

## માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭૪૭૬૨૫

મિચ્છામિ દુક્કડમ....

દેશભરમાં અનલોક ની પ્રકીયા શરૂ થઇ ગયેલ છે વિવિધ સ્તર ઉપર પ્રતિબંધ હટાવી લેવામાં આવી રહેલ છે, લોકડાઉન અને કરોના મહામારી થકી આવી પડેલ વિકટ પરિસ્થિતિ સર્વ માટે પડકારરૂપ બની રહેલ છે. તેમા પણ મધ્યમ વર્ગ અને નોકરીયાત વર્ગ ને ઘણુજ કષ્ટ સહન કરવું પડેલ છે.

ધીરે ધીરે પરિસ્થિતી નોર્મલ થવા આવી રહેલ છે આ કાળમાં આપણને ઘણુ શીખવા મળેલ છે કે કેવી રીતે સંયમીત જીવન નિર્વાણ કરી શકીએ છીએ. મુંબઇમાં આપણી સંસ્થાઓ ઘણુ કાર્ય કરી રહેલ છે આપણા સમાજમાં પણ કોઇ એક એવી ટીમનું નિર્માણ આ સમયમાં કરવું જોઇયે કે જે મેમ્બર કુટુંબમાં કોઇપણ મેડીકલ ઇમર્જેન્સીમાં સહાયરૂપ થઇ શકે, માર્ગનિર્દેશ આપી શકે.

ભવન બુકીંગ સંપૂર્ણ પણ નહીવત છે જેના લીધે આવકના સાધનો ચટકી ગયેલ છે આ સમય દરમ્યાન પણ શિક્ષણ સહાય અને માવજત સહાયમાં ક્યાંય પણ કટોટી કરવામાં નથી આવતી ત્રણે દવાખાના રેગ્યુલર ચાલુ થઇ ગયેલ છે.

બધા સંઘોમાં સાધુ સાધ્વીજીઓ ચોમાસા દરમ્યાન સુખ સાતા પૂર્વક બીરાજી રહેલ છે. પર્યુષણ મહાપર્વ નિમિત્તે વાર્ષીક પ્રતિક્રમણ કરતા સર્વ જીવોને ખમાવતા, આપ સૌને મારા વતિ અંતઃકરણ પૂર્વક ના ખમત ખામણા.આ વર્ષ દરમ્યાન તપસ્યાની સંખ્યા ઓછી રહેવા પામેલ હતી, સર્વ તપસ્વી ભાઈ-બ્હેનોં ને સુખસાતા પુછી ખમાવું છું.

શિક્ષણ સહાય માટે ના ફોર્મ ઓફીસમાં આપવામાં આવી રહેલ છે, જરૂરીયાતમંદ વિધાર્થીઓ આનો લાભ લઇ શકે છે.

માવજત સમિતિ દ્વારા આપવામાં આવેલ જૈન રિલિફ ફાઉન્ડેશન (જે.આર.એફ.) ડાયગ્નોસ્ટીક ડીસ્કાઉંટ કાર્ડનું વીતરણ કરવામાં આવેલ છે, જે મેમબર પરિવાર પોતાનાા કાર્ડ નથી લઇ ગયેલ તેમને ઓફીસમાંથી મેળવી લેવા વિનંતી.

સર્વ મેમ્બરો ને રક્ષાબંધન, જન્માષ્ટમી, સ્વતંત્રતા દિવસ ની શુભકામનાઓ. આ માસ દરમ્યાન નિચે મુજબના અનુદાન શિક્ષણ સહાય માટે મંડળ ને પ્રાપ્ત થયેલ છે. દાતા પરિવારનો ખુબ ખુબ આભાર...

| | |
|---|---|
| ૧. શ્રી ધનજી લખમશી સાવલા પરિવાર | રૂ. ૫૦,૦૦૦.૦૦ |
| ૨. શ્રીમતિ ડૉ. રીટાબેન હરીશ ગાલા પરિવાર | રૂ. ૫૫,૦૦૦.૦૦ |

## જીવનચક્ર

સગપમ નોંધ :

| | | |
|---|---|---|
| ચી. નિરવ તુષાર હરિલાલ સાવલા | સમાઘોઘા | હૈદરાબાદ |
| ચી. માનસી હેમન્ત પોપટલાલ વોરા | મુન્દ્રા | નાંદેડ (મહારાષ્ટ્ર) |

# સંપાદકીય

શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા

જયજિનેન્દ્ર

**"સર્વે મેમ્બર ભાઇ બહેનોને ગણેશ ઉત્સવની શુભકામના તથા મિચ્છામિ દુક્કડમ"**

મોટાભાગના દેવાલયો બંધ હતા તે છતાં ભક્તિમાં ક્યાંય ઓટ આવી નથી. મંદિરો બંધ હતા તો બધાએ ઘરમાંજ સામાયિક, પ્રતિક્રમણ કર્યા, ઘરમાંજ ગણેશ પણ બેસાડ્યા. ઓન લાઇન ૧૫મી ઓગસ્ટના ધ્વજવંદનના પ્રોગ્રામ પણ થયા.

ગતિશીલ માણસ ગમેતેવી કપરી પરિસ્થિતિમાં પણ પોતાનો રસ્તો કાઢી લે છે. વિસામો તો જાણે માનવ સ્વભાવમાંજ નથી. કોઇ કવિએ કહ્યું છે કે "થોભ, નહીં તો થાકી જઇશ". પરંતુ માનવીના મન અને પગ બંને પર જાણેકે ઇશ્વરે પૈડા મુક્યા છે. ચાલતાજ રહે છે. અને તેથીજ આટલી સુંદર સૃષ્ટી બની છે.

આપણે આ વિકટ તથા સમસ્યાઓથી ભરપૂર સમયમાં પણ માર્ગ શોધીને આગળ વધવાનું છે. ૨૦૨૦ પછી ૨૦૨૧ ઘણી રાહત તથા શાન્તિ લઇનેજ આવશે એ સદ્ભાવના સાથે કાર્યરત રહેવાનું છે.

## જાહેર ખબર માટે ખાસ સુચના

નિયાપોમાં જે કોઈ ભાઈ બહેનો જાહેર ખબર આપતા હોય તેમને ખાસ વિનંતી કે જાહેર ખબરની મેટર કચ્છી ભવનની ઓફિસમાં જ જરૂરી રકમ ભરી, રસીદ મેળવી રજીસ્ટર કરાવવી. કોઈએ પણ ડાયરેક્ટ ચંદ્રપ્રભા ગ્રાફિક્સમાં આપવી નહીં.

નોંધ : જાહેર ખબરો, મેટરો ઈત્યાદી મેમ્બરો લેટ મોકલાવે છે. જેથી 'નિયાપો' ને છાપવામાં અને પ્રકાશિત કરવામાં લેટ થઈ જાય છે. સૌને ખાસ વિનંતી કે જે મેટર નિયાપોમાં છાપવાની હોય તે આગલા મહિનાની ૩૦ તારીખ પહેલા મોકલાવી આપે. ૩૦ તારીખ પછી જાહેર ખબર કે મેટર આવશે તો તે બીજા મહિનાના નિયાપોમાં આવશે જેની નોંધ લેશો.

– સંપાદકો

## ૠણ સ્વીકાર



સ્વ. માતુશ્રી સુંદરબેન મણીલાલ ધરોડ ના મરણોપરાંત પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે મદદ રૂપે થયેલ દરેક વ્યક્તિ નો અમે અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. શ્રી સુશીલભાઇ કાપડીયાનો મહાવીર હોસ્પિટલ માં સારવાર માટે, માનવ મિત્ર શ્રી પંકજભાઇ વલ્લભજી સાવલા નો કમ્યુટ્રી તથા મુંબઇ ની પત્રિકામાં મરણ સમાચાર સમયસર પ્રગટ કરાવવા માટે, માનવ મિત્ર શ્રી લહેરચંદ લોડાયા નો સ્મશાન ગ્રહ નો સંપર્ક સાધવા માટે તથા અસંખ્ય હિતેછુઓ નો દિલગીરી ના સંદેશો પાઠવવા માટે ધરોડ પરીવાર સદૈવ ૠણી રહેશે.

લી. નવીન, વીરેશ, તારાચંદ, કલ્પના, ડૉ. યશવંતી અને સમસ્ત ધરોડ પરિવાર ના જયજિનેન્દ્ર

# SRI KUTCHHI MITRA MANDAL EDUCATIONAL SPONSORSHIP - APPEAL

No other investment yields as great a return as the investment in education. An educated workforce is the foundation of every community and the future of every economy.

An organization's ability to prosper is directly dependent upon its member's education, and the best way to prosper is by investing in the education of the members of our society.

"Shri Kutchi Mitra Mandal" Hyderabad has been providing educational Aid to our members since past Several Years & Sikshan Samiti is taking care of all proceeding and also providing Interest Free Loan for education. Many students have availed this Facility. Our aim is that no child of our member should forgo education for want of funds.

Mandal wants to do more and you can help by donating Rs. 11,000/- (Rs. Eleven Thousand only) per Child (Members can sponsor any number of children). Please note that your donations will go a long way in helping us to keep providing educational aid and at the same time, you will benefit by getting Tax Exemption. We hope for your continued support for this project.

**FOR FURTHER ENQUIRIES YOU MAY CONTACT :**

**PANKAJ H. SAVLA - 9849747625**

**SMT. VASANTI SHAH - 9849547543**

# શ્રી કચ્છી મિત્ર મંડળ – શિક્ષણ સહાય માટે અપિલ

આપ સૌ જાણો જ છો કે કચ્છી મિત્ર મંડળ હમેશા બાળકોનાં ભવિષ્યનો વિચાર પહેલાજ કરે છે. અને એમાં આપણી શિક્ષણ સમિતિ બાળકોને ભણવા માટે પ્રોત્સાહિત કરે છે અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આગળ વધારવા માટે બનતી બધી જ કોશિષ કરે છે.

**જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવા માટે આપણને હજુ આર્થિક મદદની જરૂર છે. એ માટે કચ્છી મિત્ર મંડળ આપની સમક્ષ એક યોજના રજુ કરે છે, જેમાં એક વિદ્યાર્થીનો ખર્ચ રૂા. ૧૧૦૦૦/- છે. તો આપ સૌને વિનંતિ છે કે તમે આ યોજનામા જોડાવ અને એક વિદ્યાર્થી અથવા તેથી વધારે વિદ્યાર્થી માટે સહાય કરી આપણા સમાજનાં બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બનાવો.**

આ યોજનામાં યોગદાન આપવા ઈચ્છતા હોય તેમણે નીચે જણાવેલ સભ્યોથી સંપર્ક કરવા વિનંતિ.

**પંકજ હિરજીભાઈ સાવલા – ૯૮૪૯૭ ૪૭૬૨૫, વાસંતી અરવિંદભાઈ શાહ – ૯૮૪૯૫ ૪૭૫૪૩**



વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવી) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ-નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડલી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮

ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો

(કૃ.પ.)

# શિક્ષણ સમિતિ

સંચાલિકા: શ્રીમતી વાસંતી શાહ
૦૯૮૪૯૫ ૪૭૫૪૩

***There is no end to education. It is not that you read a book, pass an examination, and finish with education. The whole of life, from the moment you are born to the moment you die, is a process of learning"***

***- Jiddu Krishnamurti***

Results have come out, remember learning is a continuous process, so if this year you have not got desired percentages, it does not matter. Take this oppurtunity to work hard.
Applications for Sikshan Sahay / Aid are being given for Needy Students. Please fill the forms and submit with required attachments.

Applications for Interest Free Educational Loan for higher studies are also being accepted, please message on 9849547543 on whatsapp for further details.
Donations for month of July 2020. Shikshan samithi thanks the Donors for their noble gesture.

1. Dr. Rita Harish Gala — Rs. 55,000/-
2. Shri Dhanji Lakhamshi Savla — Rs. 50,000/-

NOte : "This year due to current situation, Shikshan Sahay forms will be accepted upto 30th September 2020"

# માનવ મિત્ર સમિતિ

સંચાલકો : લહેરચંદ ટોકરશી લોડાયા-૯૨૪૬૫૩૧૦૬૬
હિતેન મણીલાલ સંઘોઈ-૯૮૪૯૧૬૪૨૨૧
દિપક આશારિયા માલદે-૯૨૯૦૪૭૪૫૭૫

**આવનાર દાનની વિગત**

| દાતાઓના નામ | આશ્રમ રૂ. | ગૌશાળા રૂ. એકઓટો | ડાયાલીસીસ (એકના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| માતુશ્રી ગંગાબેન અશારીયા માલદે પુણ્યતિથિ નિમિત્તે હઃ દિપક માલદે | ૫૦૦ | - | - | ૫૦૦ | - | - |
| શ્રીમતી પુષ્પાબેન પ્રેમજી છેડા | - | - | ૨ | - | - | - |
| જેનીલ પંકજ દેવચંદ દેઢીયા | - | ૫૦૦/- | - | - | - | - |

**જય જીનેન્દ્ર, કોરોના મહામારીનાં લોકડાઉન પીરીયડમાં માનવ મિત્ર સમિતિ દ્વારા થતા કાર્યોમાં કોઈપણ ભુલચુક થઈ ગઈ હોય તો માનવમિત્ર કાર્યકર્તા પર્યુષણ પર્વમાં અંત:કરણ પૂર્વક હૃદયથી ક્ષમાં માંગે છે.**

**આશ્રમ, ગૌશાળા તથા જીવદયાના કાર્યોમાં હાલ ફંડની ખુબજ જરૂર પડે છે માટે આપને અપીલ છે કે તન,મન, ધનથી યથાશક્તિ મદદરૂપ થજો.**

(કૃ.પ.)

20 Days Medicine only Rs. 499/-

# AYURVEDIC (WEIGHT-LOSS) MEDICINE

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 499/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 499/-
- VIDEO TO DVD CONVERSION

Ph : 9395347264, 9392418463, 040-27564183 (જા.ખ.)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા તથા મેડીક્લેઇમ-હેલ્થ ઈન્સુરેન્સ માટે

સંપર્ક કરો : **લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ:ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી,

સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯ (જા.ખ.)

Pick up & Drop

# CHERIAN

Motor Driving School (ESTD. 1962)

CONTACT : 5-9-108/109, H.A. Plaza Cellar, P.G. Road,

Nampally, Metro Piller No. A1264, Hyderabad.

Cell : 98495 84518, 80084 55467 (જા.ખ.)

# R.S. BANDHANI HOUSE

## કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨. (જા.ખ.)

# વિવિધા

## લાગે છે ૨૦૨૦માં જીવ છે પણ જીવનમાં ધબકાર નથી

**(અજ્ઞાની) મહેન્દ્ર વોરા**

વાચક મિત્રો, ત્રણ મહિનાના સમય બાદ મળી રહ્યા છીએ. બધા કુશળ હશો. આમ પણ હવે કોરોનાની મહામારી ના ભયથી રૂબરૂ ક્યાં કોઇને મળી શકાય છે ?

ખરેખર કોઇ ને સ્વપને પણ ખ્યાલ નહીં હોય કે આખા વિશ્વ પર આવી આપત્તિ આવશે કે માણસ માણસ ને દુર થી ને શંકાની નજરથી જોશે. હવે તો જાણે હાથ જોડીને નમસ્તેની આદત પડી ગઇ છે. આજકાલ કરતાં પાંચ મહિના નિકળી ગયા. બધાની જીવનશૈલી બદલાઇ ગઇ. માણસમાત્ર મુસીબતોનો સામનો કરી રહ્યો છે. મધ્યમ વર્ગની આર્થિક રીતે કમર તૂટી ગઇ છે. આપણી જ્ઞાતિ ને સમાજો માં જોકે જીવન નિર્વાહ માટે સારી એવી સહાય મળી રહી છે પણ બીજી કોમો માં બહુજ તકલીફો છે. કામકાજ ધંધા વેપારો ઓછા થઇ ગયા છે. દુકાનો, ફેક્ટરીઓ ના ભાડાને ખર્ચા નિકળતા નથી. વળી કામવાળા પગારદારો ને પૂરતા પગાર પણ આપી શક્તા નથી. ન જાણે આનો ક્યારે અંત આવશે.

હવે બીજો પાસો જોઇયે.. માર્ચ, એપ્રીલ, મે, જૂન સુધી જે લગ્નસરાની તથા પર્યટનો ની સીઝન હતી તેને લાગતાં બધાજ ધંધા રોજગાર ઠપ થઇ ગયા. સારા પ્રસંગો યા તો મુલતવી રહ્યા અથવા ઘર મેળે પચીસ પચાસ ની હાજરીમાં સંપન્ન થયા. ફક્ત એક ન છુટકે પ્રસંગ પાર પાડવામાં આવ્યા. ન કોઇ ઉમંગ ન કુટુમ્બો હેતુ સંતોષી ના મેળાપ. અને હવે આવ્યા અષાઢને શ્રાવણ જેમાં તહેવાર અને ધાર્મિક ઉત્સવોની વણજાર હોય છે. પહેલા આવી આપણી આષાઢી બીજ કચ્છી નવું વર્ષ ન કંઇ ઉજવણી ન કંઇ હરખ, ફક્ત વૉટસ્અપ ને મેસેજ દ્વારા એકબીજાને અભિનંદન. જૈનોના ચાતુર્માસ પ્રવેશમાં પણ ન કોઇ જનસંખ્યા ન ઢોલ શહેનાઇ ના સૂર ફક્ત ઔપચારિક્તા. વળી સ્કૂલો, કોલોજો ન ખૂલતા વિદ્યાર્થીઓની જીંદગી નીરસ, ન મળી નવા યુનીફોર્મ, સ્કુલબેન ને પુસ્તકો, બુટમોજા ની લિજ્જત ને ફરી યાર દોસ્તો ને મળવા નો ઉત્સાહ, ફક્ત ઘર રૂપી પીંજરામાં પૂરાઇને ઓનલાઇન ભળવાનું. નથી એ સ્કૂલ બસોકે ઓટોરિક્ષાની મઝા ને મસ્તી તોફાન...

હૈદરાબાદ ના તો બોનાલુ પણ ફીક્કા હતા ન મેદની ન લાઉડસ્પીકરો નો શોર, ન મળ્યો રક્ષા બંધનનો આનંદને પસલી ના જમણવાર, હજુ તો ૧૫ ઓગસ્ટ, જન્માષ્ટમી, પર્યુષણ પર્વ, ગણેશ ચૌથ, ગણેશ વિસર્જન. કેમ કરી ને વિસરાશે ? હવે આ તહેવારો ને લોકમેળા નથી થયા ત્યારે એની કદર થાય છે, હજી પાછળ નવરાત્રી ને દશેરા દિવાળી તો બાકી છે ખરેખર હિન્દુસ્તાન જેટલા સામૂહિક તહેવાર દુનિયામાં ક્યાંય નથી. દેશની અર્થવ્યવસ્થા ઉત્સવો ઉપર જ ચાલે છે જે હમણાં ભાંગી પડી છે. ભગવાનને પ્રાર્થના કરીએ કે સર્વે ના જીવનમાં ફરીથી મેઘધનુષના રંગો આવે ને જનજીવન પહેલા જેવું ધબકતું થાય...

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27

(સૌ.જા.)

# શ્રધ્ધાંજલી



જન્મ
તા. ૨૧-૧૨-૧૯૫૯

અરિહંત શરણ
તા. ૨૫-૭-૨૦૨૦

## સ્વ. મહેન્દ્રભાઈ શામજીભાઈ મોતા

દેશમાં ગામ : કચ્છ-વારાપધર, હાલે : હૈદરાબાદ

સારા કર્મોની સુગંધ સદાય રહેશે
મીઠી વાણી હમેશા યાદ રહેશે
ભલે દેહ અદ્રશ્ય થયો હોય પરંતુ
તમારી યાદ સદાય અમારી સાથે રહેશે...
શ્રધ્ધા સુમન અર્પણ કરતા...

હેમા હરખચંદ કારાણી
કુસુમ પંકજ રાંભિયા
વિદ્યા ધીરજ સાવલા
મંજુ વલ્લભજી સાવલા
ઊર્મિ મણીલાલ ધરોડ

દમયંતી મહેન્દ્ર ગડા
ઊર્વિ હેમંત સાવલા
વિમળાબેન હર્ષદ ધરોડ
પ્રભા વસંત વોરા
ભાવના રમણિક નાગડા

(જા.ખ.)

# અણધારી વિદાય



જન્મ
તા. ૨૧-૧૨-૧૯૫૯





અરિહંત શરણ
તા. ૨૫-૭-૨૦૨૦

## સ્વ. મહેન્દ્રભાઈ શામજીભાઈ મોતા

દેશમાં ગામ : કચ્છ-વારાપધર, હાલે : હૈદરાબાદ

આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા,
આપનું સાદગીભર્યુ જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ,
લાગણીશીલતા, પરગજુ, સમાજસેવા, પરમાર્થ માટેના સત્કાર્ય,
તેમજ જીવદયા, અમો જીવનભર ભૂલીશું નહીં
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતી આપે એજ પ્રાર્થના. ...

| | |
|---|---|
| અશોક સી. ભણસારી | મુકેશ કે. ગોસર |
| કોકીલા એ. ભણસારી | ઈલા એમ. ગોસર |
| કુણાલ એ. ભણસારી | રૂષભ એમ. ગોસર |
| કાજલ કે. ભણસારી | ભવ્યા એમ. ગોસર |

(જા. ખ.)

# શ્રધ્ધાંજલી







જન્મ
તા. ૨૧-૧૨-૧૯૫૯

અરિહંત શરણ
તા. ૨૫-૭-૨૦૨૦

## સ્વ. મહેન્દ્રભાઈ શામજીભાઈ મોતા

**ગામ : કચ્છ-વારાપધર, હાલે : હૈદરાબાદ**

અગણિત આપની સેવાના ગુણ... પરમાર્થ માટેના સત્કાર્યો... સમાજ સેવા..
પરગજુ.... જીવદયા...એવા મોતા પરિવારનાં અણમોલ રતન...છેડા પરિવારનાં સિતારા
પ.પૂ. લક્ષ્મીબાઈ માતા અને શામજીભાઈ પિતાના દુલારા (વારાપધર)
પ.પૂ. રાજબાઈ માતા અને નરશીભાઈ પિતાના આંખના તારા (સુથરી)
વિદાય તમારી અણધારી હશે એ કયાં ખબર હતી
પડી અમોને તમારી ખોટ, ભૂલાશે નહી આ હૃદય ની ચોટ
મુંઝાય છે હૈયુ ''જ્યોતી'' ઝંખે હરપલ આપનો સાથ
પુત્રીઃ નીરલ, જમાઈ : મૌલીક અને પુત્ર મહેક, મંદિર જેમનું પરિવાર
એવા કર્મયોગી પિતાશ્રી નો વાત્સલ્ય ભર્યો, અનોખો સ્મિત
સરલ સ્વભાવ હમેશા માટે યાદગાર બની રહેશે.
આપની યાદગીરી ના પુષ્પો અને વહેતા અશ્રુનાં અભિષેક અર્પણ કરે છે

આપનાં ગુણાનુંરાગી - ધર્મપત્ની : જ્યોતી મહેન્દ્રભાઈ મોતા
પુત્રીઃ નીરલ, જમાઈ : મૌલીક પુત્ર : મહેક મોતા
સ્વ. દેવકાબાઈ, ધનબાઈ, સ્વ. કાન્તાબેન, પુષ્પાબેન-મધુકાન્તભાઈ
જ્યોતિબેન-મણીલાલભાઈ, હિરાબેન-ધનપતભાઈ ના વહાલા વીરા..
સ્વ. શાન્તાબાઈ-પદમશીભાઈ, શ્રીમતી વીણાબેન-ઉત્તમભાઈ ના ભાઈ
ઝવેરીબેન, રમીલાબેન, મુંજલાબેન, ગુણવંતી (પુષ્પા)-ગિરીશભાઈ,
લીલમ-લલીતભાઈ, પ.પૂ. સાધ્વીશ્રીજી હર્ષવર્ધના મહારાજ સાહેબ ના બનેવી

**આપના પવિત્ર આત્માને પ્રભુ પરમ અને શાસ્વત શાન્તિ આપે એજ અમારા અંતરની પ્રાર્થના છે.**

**SHARDA ENTERPRISES - MAHAVEER TRADERS**
**MAHARAJ GUNJ, HYDERABAD.**

(જી.મ.)



# One stop services
## for all your needs

**FINANCIAL INVESTMENTS**

**INSURANCE**

**SAVINGS & TAX PLANNING**

## SERVICES OFFERED

- General Insurance - New India Assurance & Star Health
- Life Insurance - HDFC Life & LIC
- Postal Savings - RD / MIS / NSC / KVP / TD
- Pure Risk Plan
- Cancer Care Plan
- Retirement Plan
- Mutual Funds
- Fixed Interest Instruments

Assuring of Services at your Doorstep

For all your requirements Contact : **Financial Consultants**

**Madhusudan Modani : 98491 60807**

**Lalitha Modani : 92461 50501**

1-8-337/1, Block 1, Flat No. 401, Fore Front's Royal,
Indian Airlines Colony, Begumpet, Hyderabad - 500 016.
Phone - Res : 040 2790 2297. e-mail : msmodani@gmail.com




If undelivered please return to

**SHRI KUTCHHI MITRA MANDAL**
Kutchhi Bhavan,
3-5-142, Eden Bagh, Ramkote,
Hyderabad 500 001. A.P.
Phone : 2475 2383, 6594 2383

Printed Matter only. Posted u/c 5A of P&T guide. Hence not to be taxed
BOOK - POST

Printed & Published by **SHRI KUTCHHI MITRA MANDAL**, 3-5-142, Eden Bagh, Ramkote, Hyd-1 Edited by : **Darshana Dedhia**
Printed at **Chandraprabha Graphics**, Shop No. 37, Royal Plaza Complex, Sultan Bazar, Hyderabad. Ph : 66780780, 9049980999, chandraprabhagraphics@gmail.com